12 P
3073

NATIONAL ARCHIVES LIBRARY
GOVERNMENT OF INDIA
NEW DELHI.

12

Call No.

Accession No. 3073

GIPNLK—7/DAND—5-9-60—15,000

Raohtriya Ras Kunj.
Govt of Bombay

# રાષ્ટ્રીય રાસ કુંજ

શ્રીમતી ક્રાન્તાબ્હેન ખાંડવાળાની પ્રસ્તાવના સાથે

* પાદરાકર *

IMPERIAL ... DEPARTMENT
RECEIVED
28 NOV. 1933

3073

lib 800/76P-3

# રાષ્ટ્રીય રાસ કુંજ

પાદરાકર

કિંમત ૪ આના

પ્રકાશક
સી. જમનાદાસની કંપની: બુકસેલર્સ: મુંબાઇ ૨

પ્રત ૨૦૦૦

IMPERIAL RECORD
RECEIVED
29 NOV. 1933
DEPARTMENT

## ભારતનો યૂવાન

ડોલાવે બ્રહ્મબ્રહ્માંડો, ધ્રૂધવતા સાયર સમા.
ડોલવે દશ દિશાઓને, ડૂંગરો થડકાવતા.
કેશરીઓ શૂરા પૂરા, અહિંસા સત્ય સેવતા.
યૂવાનો દેશના લાવે, મણિ સત્ય સ્વરાજને.

NATIONAL ARCHIVES LIBRARY
No 3073
Date 24.3.72
GOVT. OF INDIA

આવૃત્તિ પહેલી

મુદ્રક હરિલાલ વલ્લભદાસ :: શ્રી હરિ-હર પ્રીન્ટીંગ પ્રેસ
૧૮૧, બજારગેટ સ્ટ્રીટ, કોટ મુંબઇ ૧.

# બે બોલ

દેશના મૂક્તિ યજ્ઞમાં સૌયે રાષ્ટ્રવાસી પોતાની સેવા–સર્વસ્વ અર્પે જ! કવિની કલમ, વકતાની જીભ, વિચારકના વિચાર, ધનિકનું ધન અને બળવાનનું બળ એ સૌ અત્યારે તો ફફડી ઉઠે જ ને? તો પછી મ્હારી કલમ પણ કેમ ઝંપે? તેણે રાષ્ટ્રીય રાસ આલેખ્યા અને દેશને ચરણે એ નૈવેદ્ય ધર્યું.

પુરૂષ, પ્રાણ છે આત્મા છે, ચૈતન્ય છે. સ્ત્રી પ્રકૃતિ–મહાશકિત, ચેતના છે. એ મહાશકિત પુરૂષમાં અનન્ત ચૈતન્યના ઓઘ ઉભરાવે છે, તેના નીરાશ હૃદયમાં આશાની અનાદિ અનન્ત ચેતનવન્તી ચીણગારીઓ ચેતવી તેનામાં કર્તવ્ય પ્રતિપાલનની દિવ્ય શકિત પ્રકટાવે છે.

મહાશકિત વિના કયું રાષ્ટ્ર સાધ્ય સાધી શકયું? ઇતિહાસનું અવલોકન પૂરવાર કરે છે કે રાષ્ટ્રોનાં ઘડતર અને વિનાશમાં મહિલા મહાશકિત એ આદિ અનાદિ મુળ છે. આજે ભારતને આંગણે મંડાયલા મુકિત–યજ્ઞમાં એ મહાશકિત જોડાજોડ પણ અજોડ–અજેય–નિડર–નિર્ભર ખડી છે, અને એ કાંગલી ગણાતી નારી, નરસિંહોને પડખે નામર્દોને મર્દ બનાવતી પ્રબળ પડકાર અને કર્તવ્યના લલકાર લલકારે છે.

કવિ–અને મહાશકિત બન્નેયે ધુધવતા સાગર જેમ આશા અને વિજયના મહા ચમકાર વડે રાષ્ટ્ર આકાશને ઊજાળ્યું છે. ઉજાળે છે–ઉજાળશેજ.

પ્રભાતફેરી–નગરફેરી–નગરકિર્તન––સાયંફેરી–એ રાષ્ટ્રયુદ્ધમાં અનંતબળ દેવાની પ્રભુને કરાતી આર્જવભરી આજીજી છે. સુતા સિંહોને ઉઠાડનાર રણભેરી છે. ચેતનના જવલંત જયોતિ વડે ભીરૂ–સ્વાર્થી–મદાંધ હૃદયમાં કર્તવ્ય ચમકાર ચમકાવનાર વિદ્યુત છે. એ આદિ અનાદિ પૂણ્યપ્રથા છે. ભગવાન વીર–રામ–કૃષ્ણ પૃથુ પ્રતાપ શિવાજીથી ઠેઠ પૂણ્યશ્લોક તિલક મહારાજના સમય પર્યંત એ અબાધિત ચાલી આવે છે.

છતાં અત્યારની પ્રભાતફેરીમાં રસ–રાગ–ભાવના–વ્યવસ્થા વિનાનાં ગવાતાં ગીતોમાં યોગ્ય સુધારણાની જરૂર ઇષ્ટ લાગવાથી આ રાસ લખવા હું પ્રેરાયો. ભારતવર્ષનો રસપિપાસુ નારી સમાજ–એને સત્કારે, તેના રસ મ્હોરે પોતાનાં જીવન કર્તવ્ય તત્પર બનાવે–ને શ્રી લલિતજીના શબ્દોમાં:—

સુજાત જોડાં જાત ભોગથી પરહિતમાં પરવરશે.
અડગ ધૈર્ય'ને શૌર્યભર્યાં–સંતાન હિન્દમાં સરશે.

ત્યારે દેવો અવતરશે.–
સ્વર્ગસમ સુંદર હિન્દ થશે.

આ અભિલાષ પ્રભુ સર્વાંગ–સત્વર સફળ કરો ૐ.

મ્હારા મિત્ર શ્રી મોહનભાઇ–સોઢા દ્વારા મ્હને ભાઇ જદુભાઇ ( તે શ્રી નારાયણ મૂળજી પુસ્તકાલયવાલા) નો પુણ્ય સમાગમ થતાં તેમનાજ દ્વારા આદર્શ જીવન જીવતા રાષ્ટ્ર–અને ધર્મ–પ્રેમી શ્રીમાન્ કલ્યાણજીભાઇ કરમશી દામજીનું મિલન થયું અને આ ત્રિપુટી સ્નેહિના સમાગમ સ્મરણને અમર કરવા આ પ્રસંગ સાધ્ય છે.

રા. ભાઇ કરસનદાસભાઇની સુચના અને ભાઇ ઇશ્વરલાલભાઇની પ્રેરણાથી ભાઇ જમનાદાસભાઇ ( સી. જમનાદાસ એન્ડ કંપની, બુકસેલરો ) એ આ રાસકુંજ છપાવી પ્રસિદ્ધ કરવા ઇચ્છા બતાવતાં મ્હેં નિઃસ્વાર્થપણે ત્હેમને તે આપ્યાં છે. ત્હેમનો સ્નેહ પણ ચીરાયુ હો.

મ્હારા પુજ્ય પિતાશ્રી–વકીલ મોહનલાલ હીમચંદ–પાદરાવાલા એમણે બાલવયથી રાષ્ટ્રભક્તિ ગંગાનાં પુનિત જળનું પાન મ્હને કરાવેલ ને તેજ ભાવના આ પુસ્તકમાં જીવન્ત છે. અનંત ઉપકારી પિતાનું રૂણ તો આ જન્મમાં અદા થવું મુસ્કેલ છે.

છેવટે આ રાસકુંજની પ્રસ્તાવના અત્યંત સરળભાવે–સત્વર લખી આપવા માટે ભારતમૈયાની ભકત સુપુત્રી શ્રી કાંતાબ્હેન ખાંડવાળા બી. એ. નો હું રૂણિ છું.

હવે પછી સત્વર પ્રકટ થનાર રણભેરી, રાષ્ટ્રીય રાસમંજરી રાષ્ટ્રિય નવરાત્ર રાસ અને રાષ્ટ્રિય લગ્ન ગીતની રાહ જોવા ગુજરાતને વિનવી ફરી મળતાં સુધી રજા લઇશ.

મુંબઇ પ્રીન્સેસ સ્ટ્રીટ.
કાનાડી બીલ્ડીંગ
શ્રી હંસાબ્હેન મ્હેતા જેલમ્હેલ નિવાસ
પૂણ્યતિથી. ૧–૯–૧૯૩૦

પાદરાકર
ના જયશ્રી વિજયરંગ.

૫

# અર્પણ

—:૦:—

રાષ્ટ્ર, ધર્મ, પ્રભુ અને સાહિત્ય-ભક્તિ ગંગાના
પુનિત સલિલ સ્નાને ધન્ય જીવન

**શ્રીમાન ભાઇ કલ્યાણજીભાઇ**

**કરમસી દામજી જે. પી.**

તથા

ત્હેમનાં પવિત્ર પતિભક્ત સરલ સૌજન્યહૃદયા
ગૃહરાજ્ઞિ અ. સૌ. વજ્રચુડેમંડિતા

**શ્રી ઝવેરબાઇ**

આ આદર્શ દંપતીને
હમારા પ્રથમ સ્નેહમિલન સ્મરણાર્થ
શ્રી સહજ આનંદ પ્રાપ્તિ પૂર્વક
અર્પણ્ હો !

પાદરાકર.

# પ્રસ્તાવના

અર્વાચીન કાળની રાષ્ટ્રીય જાગૃતિને પોષક એવાં ગીતોની જે ઉણપ હતી તે ઉણપ ભાઇ મણીલાલ પાદરાકરે પુરવા અત્યંત સ્તુત્ય પ્રયાસ કર્યો છે અને જનતા તેનો આદર કરશે એવી આશા રાખું છું.

આજકાલ પ્રભાત ફેરીઓ રાષ્ટ્ર ચળવળમાં સારો ભાગ ભજવે છે છતાં ગુજરાતી સાહિત્યમાં સારા ગણાતા એવા કવિઓની ઉદાસીન-વૃતિ હોય એમ જણાય છે પણ ભાઇ પાદરાકર આ આક્ષેપમાંથી બચી જવા સમર્થ નિવડયા છે માટે તેમને અભિનંદુ છું.

રાષ્ટ્રીય ગીતો કેવાં હોવાં જોઇએ એ વિષે ચર્ચા કરવાનું આ સ્થાન નથી છતાં મારે કહેવું પડશે કે ભાઇ પાદરાકરનાં ગીતો વાંચ્યા પછી મને સંતોષ થયો.

હું ઇચ્છું છું કે બધાય ઉગતા અને પ્રૌઢ કવિઓ વ્હેલી તકે આવી પુસ્તિકાઓનાં પ્રકાશન કરી રાષ્ટ્રીય સાહિત્યમાં વૃદ્ધિ કરે.

કાન્તા ખાંડવાળા

## રા. પાદરાકર કૃત રસભર પુસ્તકો વાંચ્યાં ?

સાકી (નવલકથા) નવજીવન (નિબંધ સંગ્રહ) પ્રણય-મંજરી. શ્રી દેવચંદ્રજી જીવન અને ગુર્જર સાહિત્ય. શ્રી દેવચંદ્રજી વૃહત્ જીવન. શ્રી બુદ્ધિસાગર સુરિજીની ગુર્જર સાહિત્ય સેવા. સૌભાગ્યસિંધુ, લગ્નગીત, લગ્નગીત મણિ-માળા, રાષ્ટ્રિય રાસકુંજ.

### સત્વર પ્રકટ થશે.

રણભેરી. રાષ્ટ્રિય રાસ મંજરી, રાષ્ટ્રિય નવરાત્ર રાસ, રાષ્ટ્રિય લગ્નગીત.

લખો—પાદરાકર, પાદરા. (ગુજરાત)

---

## રાસ તથા ગરબાનાં ઉત્તમ પુસ્તકો

| | |
|---|---|
| નાના નાના રાસ | ૧—૦—૦ |
| રાસ મંજરી | ૦-૧૨—૦ |
| રાસ સંગ્રહ (કન્યાખંડ) | ૦—૮—૦ |
| રાસચંદ્રિકા | ૦-૧૪—૦ |
| રાસ તરંગીણી | ૦-૧૦—૦ |
| બાલા ગીત મંજરી | ૦—૪—૦ |
| ગૌરીનાં ગીતો | ૦—૮—૦ |

તે શીવાય દરેક જાતનાં પુસ્તકો માટે આજેજ લખો:

સી. જમનાદાસની કંપની

બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ

પ્રીન્સેસ સ્ટ્રીટ મુંબઇ ૨.

# ૮

## હિન્દ મૈયાની આરતી

[રાગ–જય દેવ–જય દેવ–]

જય માત! જય માત! જય ભારતી માતા! જય ભારતી!
દેવ દેવી! ભારતી સૌ! ત્હારા ગુણ ગાતા! જય માત!
ગિરી–નદી–નગર અપાર! વિસ્તાર્યાં માતા! વિસ્તાર્યાં!
સદા સોહાગણ! દેવિ! સુયશદુકુલ ધાર્યાં! જય માત!
ગુર્જરાષ્ટ્ર સૌરાષ્ટ્ર! મહારાષ્ટ્ર અંગે! મહારાષ્ટ્ર!
કચ્છ મરૂ મદ્રાસે, ખેલો મા! રંગે! જયમાત!
અક્ષયપાત્ર તુજ હાથ! જગ જીવન આપો! જગ જીવન!
અમૃત વર્ષા વરસો! શાંતિ-શાંતિ સ્થાપો! જય માત!
શક્તિ ચંડી અવતાર! ભવાની! બહુ નામી–ભવાની
ખપ્પર ધારી ખેલો! પ્રલય ખેલ! માજી! જય માત
મા! ભારત પડકાર! મુક્તિ રણે દીધા–મુક્તિ
યુગે યુગે વીર પ્રસૂતા! કીર્તિ સ્તંભ કીધા! જય માત
શાં ધરીયે નૈવેદ્ય! પ્રાણ ધર્યા ચરણે! પ્રાણ
મણિમય મા તુજ છાંયા! હજો જીવન મરણે જય માત

# રાષ્ટ્રીય રાસ કુંજ

## ભારતી મૈયાને વંદન

[રાગ–પ્રભાતીયાનો]

મંગળ પહોર પ્રભાતના–લઇએ પ્રભુજીનાં નામ.
સ્વર્ગિય નંદનવન સમા–ભારત ચરણે પ્રણામ. મંગળ

તેત્રીસ કોટિ બાલુડાં, ગાતાં જેહનાં ગાન.
દેવ દેવાંગના સ્વર્ગથી, આવી નમતાં તમામ. મંગળ

હિમગીરી ગીર સહ્યાદ્રી શા, ગીરીવર તણાં ધામ,
ગંગા યમૂના પખાળતી, પાય લેતી વીરામ. મંગળ

ભાર અઢાર વનસ્પતિ, અમૃત જળ અન્ન ઠામ,
ત્યાગી તપસ્વી યોગીઓ સાધે યોગને ધ્યાન. મંગળ

જન્મભૂમિ રામ કૃષ્ણની, સતી સીતા સમાન,
શૂરા ક્ષત્રિયથી સોહામણી, અમ જીવન પ્રાણ. મંગળ

અક્ષય પાત્ર ઉન્નત શિરા, વિશ્વે ઉજવળ નામ.
કાંઇક રાષ્ટ્રે તુજ ચરણમાં બેસી લીધાંતાં જ્ઞાન. મંગળ

દેવદુલારો નયનમણિ–રિદ્ધિ સિદ્ધિની ખાણ
મણિમય હિન્દે જન્મીયા, એજ જીવન લ્હાણ. મંગળ

૧૦

# વંદેમાતરમ્

[હરિગીત–ભૈરવી સોહીની–રાગ]

વંદન! સુકોમળ શાંત રસભર–મંત્ર વંદેમાતરમ,
નંદનવને સૂર ગુંજતો–અદ્દભુત વંદેમાતરમ. વંદન
ગુજરાત–બંગ–મરૂભૂમિ–સૌરાષ્ટ્ર ને મહારાષ્ટ્રમાં–
મદ્રાસ–કર્ણાટક પુકારે કચ્છ વંદેમાતરમ. વંદન
મોંઘામૂલો એ મંત્ર જગવે–જ્યોત નવલખ અંતરે,
મા ભારતી ભક્તિ ભભક બસ એજ વંદેમાતરમ. વંદન
ઇતિહાસ ભારતના વીરોનો–પૂણ્ય ગાથા ત્યાગની,
બલિદાનની કીર્તિ કથા–ગાનાર વંદેમાતરમ. વંદન
સુંદર લીલુડી વાડી સ્વર્ગિય–સૌરભે મ્હેંકી રહી,
જ્યાં દેવ પણ રમતા ફરે–ગીત ગાય–વંદેમાતરમ. વંદન
સ્વાતંત્ર્ય કાજે શિર્ષ અર્પ્યાં વીર હસતા હોંસથી
એ કેશરી પડકારતા રણુ મુક્તિ વંદેમાતરમ. વંદન
આજે ધરેશ્વર ને રંગે રગ બાલ વૃદ્ધ યુવાન સૌ.
નરનારી બાળક પળ પળે પોકાર વંદેમાતરમ્ વંદન
કાયર બને ભડવીર–વીરો થેકતા મુક્તિ રણે.
અર્પે વિજયની માળ–એકજ મંત્ર વંદેમાતરમ. વંદન
દેવે દીધેલો ને ઝીલેલો દેશ આખાયે ખરો,
મણિમય અમારો પ્રાણ ને સર્વસ્વ–વંદેમાતરમ. વંદન

૧૧

# વંદેમાતરમ્

[પ્રભાતી–રાગ]

ભારતી ભાંડુ ! પરમ પ્રેમથી ! વંદેમાતરમ્ બોલો રે !
રગરગમાં ઉલ્લાસ ભરી એ ! પરમમંત્રથી ડોલો રે ! ભારતી.

પરમ શાંતિને પૂર્ણ ભક્તિથી ! કોયલ કંઠને ખોલો રે !
દિલ દેવળમાં મા–પધરાવો ! લ્હાવો એજ અમોલો રે ! ભારતી.

સ્વર્ગશ્રેષ્ઠ–દેવોએ જેના–ચરણ ચૂમતા હોંશે રે !
ઋષિ મુની રાજા વીર ફકીરને માનો સાચો ખોળો રે ! ભારતી.

ભારત દ્વાર પ્રભુ જ્યાં પ્રકટે ધરા ધ્યાની યોગીની રે !
પાઠ ભણાવ્યા–જગત્ ઝુલાવ્યું જગ જીવનનો ઝોલો રે ! ભારતી.

એજ મંત્ર આરાધન કાજે વીરો ભભૂતિ ચોળો રે !
વંદેમાતરમ્ ! વંદેમાતરમ્ ! બોલો ! મંત્ર અમોલો રે ! ભારતી.

પવિત્રતા ને પૂજ્યભાવથી ! ભક્તિ કચોળાં ઘોળો રે !
અદ્‌ભુત–મોંઘો દિવ્ય મંત્ર ! સૌ વંદેમાતરમ્ બોલો રે ! ભારતી.

ભવ્ય ભારતી જગત્ જનુની વીરપ્રસૂ બિરદાલી રે !
મણિમય મૈયા ચરણે ભાંડુ સૌએ મસ્તક ઢોળો રે ! ભારતી.

૧૨

## સ્વરાજ્ય મુરલી

મારૂ તન મન ધન હરનારી મોહન સ્વરાજ્ય મૂરલી ત્હારી.
એણે ઘેલાં કર્યાં નરનારી, મોહન સ્વરાજ્ય મૂરલી ત્હારી.

મુઠી હાડકાં તો પણ ગાંધી સાચો યુગ અવતારી–
અનંત આત્મબળ ફુંક મારતાં બંસી ઉઠે પોકારી.–મારૂ.

સૂર શ્રવણથી રગરગ જાગે સ્વદેશ ભક્તિ સિતારી
એ મૂરલીના તાને જાગ્યાં સૌ ભારત નરનારી. મારૂ.

જોશ જુવાનીનો જગવી દે—ચેતનની ચીણગારી
મડાં મર્દ બની ખંખારે, શી ગાવું બલિહારી મારૂ.

વીર પ્રસુ ગુજરાત કપાળે કલંક નિબંળ ભારી.
મુરલી નાદે ગુર્જર જાગ્યા વીરશ્રીને સંભારી મારૂ.

દિવ્ય નાદ જળ સ્થળમાં વ્યાપ્યો, ઘરઘર ને નરનારી
માત ભારતી બેડી તોડવા, જોશ જગાવણહારી મારૂ.

ડરને છોડી માયા મોડી સ્વાર્પણ મંત્ર સંભારી
સત્તા જૂલ્મો સળગાવીને મસ્તક દે ઉતારી મારૂ.

નર–સિંહો, સિંહણ બની અબળા, ફાળ ભરે પડકારી
રણચંડી રણહાક વગાડે, એ મૂરલી ધુન ન્યારી. મારૂ.

બજાવ મોહન બંસી ત્હારી આત્મ શકિત અવતારી.
ભારતમાં રગરગ ચેતવજે, દેશભક્તિ ચીણગારી. મારૂ.

એક ચિત્તથી મૂરલી શૃણજ્યો, ભારતનાં નરનારી.
મસ્ત બની મુક્તિ મણિમય લો, અમ્મર આશ અમારી. મારૂ.

૧૩

# માતૃભૂમિને નમન

[રાગ–પ્રભાતીયાનો]

માતૃ ભૂમિ હિન્દ માવડી, મારી આંખોનો તારો,
જન્મ દીધો, અન્ન જળ વડે, પ્રાણુ પોષ્યો અમારો. માતૃ

ત્હારે ખોળે ઝુલ્યા માવડી, ગાઉં શા ઉપકારો ?
સાચી સોહાગણુ સર્વદા, દેહ ઉજ્વળ ત્હારો ! માતૃ

માડી મ્હારથી કૃષ્ણુ શા, ત્હારા બાળ કુમારો,
પૃથુ પ્રતાપ શિવાજી શા, પ્રસવ્યા ત્હેં હઝારો. માતૃ

દેવી ! ભવાની તું ચંડિકા, ત્હારા વજ્ર પ્રહારો !
વિશ્વ ઝુકયુ તુજ ચરણુમાં, આજે પલટાયો વારો. માતૃ

દિવ્ય પ્રભા કળા કાન્તિને, મંદ ભાગ્ય સિતારો,
પરવશતા પડે સોંસરી, દૂર મુક્તિ કિનારો. માતૃ

ચાલ્યો ગયો માડી સિંહલો, તિલક ત્હારો દુલારો,
ત્હોયે ભારત વન ગજાવતો, આજે મોહન તમારો. માતૃ

તેત્રીશ કોટિ બાલુડાં, માગે મુક્તિ ઇજારો,
હોજો મણિમય માવડી, પ્રભુ રખવાળ ત્હારો. માતૃ

૧૪

## સખી સંવાદ !

[અલી સજની–ક્યાં રમી આવી રજની–રાગ]

સખિ શાણી ! તુજ અમૃત સરખી વાણી ! જરી બોલ–બોલ–બોલ.
ગૃહરાણી ! કયમ વદન કળા કરમાણી ? દિલ ખોલ ખોલ ખોલ.

રણશિંગાં શાનાં ફુંકાયાં, રણ દુંદુભી ક્યાં ગાજે ?
પડકારા વીર કાં પડકારે, રણ નૉબત કાં વાજે ? જરી બોલ.

મોહન મૂરલી સ્વતંત્રતાની મધુરા સૂરે વાગી
જાગ્યો દેશ મચ્યાં મુક્તિરણ, કાયા માયા ત્યાગી ! અણમોલ.

સજી કેશરી વાઘા યુવકો, ધસમસતા ક્યાં જાતા ?
નવલ નૂર નિતરે બહેનો સૌ, ક્યાં જાતી હરખાતાં જરી બોલ.

સબરસ સંગ્રામે હોમાયાં, અનંત નર ને નારી
હવે કાયદા ભંગ કરી, સ્વાર્પણની કરી તૈયારી ! અણમોલ.

સત્તાધારી લાઠી લઇને, અસંખ્ય ઘોડે ચઢીયા
હારો હાર સડક રોકી, આ થાણાં શાનાં પડીયાં ? જરી બોલ.

લાખોના સરધસને રોકી, હક્ક પ્રજાના પ્રજાળી
નરનારી બાળક વૃધ્ધોને, મારી દેશે ખાળી ! કર તોલ !

કહે કોણ સેના નાયક છે ? શા માટે સૌ આ છે ?
અનંત ભોગ મા ભારતી ચરણે, શાને માટ ધર્યા છે ? જરી બોલ.

મુઠી હાડકાં સંત સમોવડ, ગરવો મોહન ગાંધી
સ્વતંત્રતા ને સ્વરાજ્ય લેવા, મંગળ ઘડિ પળ સાધી અણમોલ.

દેશ સેવિકા ભારત માની, ધન્ય જીવન તુજ જાણું
મણિમય મુક્તિ તણા રણ યજ્ઞે, હોમાઉં ધન્ય એ ટાણું અણમોલ.

## ૧૫

# નાથ! ફરી દઇ દે!

[ અલબેલી અંબેમાત–રાગ ]

ચેતત ચીનગારી એક,-નાથ દઇ દેને !
નિર્માલ્ય જીવન રસહીન, ફરી ભિંજવી દેને !

અમોઘ બુદ્ધિ તણા ચમકારા, એક વાર ચમકાવ રે !
દિલ ધબકારા ચેતનવન્તા, ફરી પ્રભુ ધબકાવ ! નાથ દઇ દેને.

નવજીવનથી રંક જીવન આ, પ્રભુ પુનઃ વિલસાવરે !
ઉર્મિ ઉછળતી ઉરે રમાડી, હાર્યાંને હસવાં હસાવ ! નાથ

ઝંખવાણું નૂર અને ઉલ્લાસ આથમ્યા, ઘોરે હિન્દી ઘેરી નિન્દરે !
તેજલ અંબાર અમ્મર આશાના તાતજી, પ્રકટાવી જગવી દો હિન્દ, ! નાથ.

લીલુડી વાડીનાં કુણાં કુસુમડાં, કરમાય વારી વરસાવ રે.
ભારત બગિચો આજ સુનો જણાય છે, દિવ્ય શ્રંગારે સજાવ ! નાથ.

રસ તરસ્યા રસીકોની–તૃષા, આજ સુકાણી રસની વેલરે !
પ્રેમ પરમપરબ્રહ્મ–સુધા–રસ, કયાં છે દેવોયે દિધેલ ? નાથ.

દેવ દુલારો દેશ હમારો–હતો તે પુનઃ બનાવ રે !
શક્તિ સ્વરૂપા હિન્દ મહિલા મણિ, કર્તવ્ય–રસે ઉભરાવ ! નાથ.

## ૧૬

# ડંકો વાગ્યો લડવૈયા

[ ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજોરે. ]

જાગો જાગો ભારત સંતાનો જાગજોરે.
વીરા જાગજોરે--નિંદ્રા ત્યાગજોરે.
મર્દો શાના? મૈયા જેની રિબાય છે રે! મર્દો શાના?
પુત્રો શાના? માતા તો લાતો ખાય છે રે! પુત્રો શાના?
શૂરા શાના? અપમાને ના લજાય છે રે! શૂરા શાના?
ઉઠો ઉઠો આ હાકલ મા ની થાય છે રે! ઉઠો ઉઠો?
ખેલો ખેલો ખાંડાના ખેલ ખેલાય છે રે! ખેલો ખેલો.
વીરો ત્રાડે-દુષ્મન તો થથરી જાય છે રે! વીરો ત્રાડે!
હસતે મ્હોડે-જીતે કે ખપી જાય છે રે! હસ્તે મોઢે
મા-દુલારા મણિમય અમ્મર સદાય છે! મા-દુલારા

૧૭

# વાડી ભેલાણી

[રાગ સિંધુડો.]

કળજૂગ આવ્યો ને જામ્યાં અંધારાં–
આવ્યા ટોપીવાળા દેશ રે–ભેલાણી વાડી લીલી રે

લક્ષ્મિને શારદા ચાલ્યાં વિદેશે
ઉદ્યમ કળા લઇ સાથ રે ! ભેલાણી

સુકાણાં સોણાં શાંતિને સ્વર્ગનાં
રસકસ પરને હાથ રે ! ભેલાણી

વહાણવટાંને વણુશ્યા છે વેપલા.
ધરા લુખી ભુખી નાથ રે ! ભેલાણી

પ્રેમ પ્રભૂતા ભક્તિ ને ભાવના
તજ્યા ટેક તપ ત્યાગ રે ! ભેલાણી

હીરાને હેમ રૂપુ તાંબુ તણાયાં
કાંસુ પીતળ સંગાથ રે ! ભેલાણી

મટી રાજાને માગણુ આજ તો
ખોવાણાં બળ હથિઆર રે ! ભેલાણી

વિદેશી સંચાએ કારીગર મારીયા
દેશ બનાવ્યો બેકાર રે ! ભેલાણી

માતૃભાષા ને ભગવાન ભૂલીયા
વિસારી મેલ્યા વિવેક રે ! ભેલાણી

એવા અંધારે મોંઘેરી ભારતી.
કારમા કરે રે વિલાપ રે ! ભેલાણી

ભાંડુ ઉઠોને મૈયા પોકારતી
મુક્તિને રણમેદાન રે ! ભેલાણી

બહેની તું તો છો સિંહણની બેટડી
ઉઠ કરી લે જોહાર રે ! ભેલાણી

દીકરી હોમાય ખરી માડીના કારણે.
શુણી મણિ–મય પડકાર રે ! ભેલાણી

૧૮

# મોહન બંસી ધૂન

[ માલણુ ગુંથી લાવ-રાગ ]

મોહન ત્હારી બંસીની ધુન ન્યારી, અમને પ્રાણુ થકી એ છે
પ્યારી. મોહન.

બંસી સૂરમાં સ્વરાજ્યની લ્હેરો, દેશભકિત પોકાર અનેરો
ગુંજે સ્વાર્પણુ મંત્ર શો ઘેરો. મોહન.
મોહન મુકિત સિતાર બજાવ્યો, સૂર સ્વાતંત્ર્યનો સંભળાવ્યો
જાણે દેવે સંદેશો કહાવ્યો. મોહન.
ખેંચી અંગ નસો કીધા તાર, તન તુંબી બનાવ્યો સિતાર
લોહી-માંસ સિંચ્યું ભારોભાર મોહન.
દેશ કાજે હોમાયો તું આખો, લોક શૂણે સિતાર એ લાખો
મોહન મોંઘેરો દેશની પાંખો, મોહન
સુતાં નરનારીને ત્હેં જગાડયાં, સાચા સ્વાતંત્ર્ય પાઠ ભણાવ્યા
બલિદાનના માર્ગ બતાવ્યા- મોહન
બંસી મોહન યોગીરાજ ગાજે, આત્મબળનાં સંગીતો વાજે
મુક્તિદેવીના દ્વારે તું જાજે. મોહન.
ત્હારી બંસીને તું ઘણું જીવો, મોહન મૈયાનો ઉજ્વળ દીવો
મણિ-મુકિત પ્રેમામૃત પીઓ. મોહન.

# અમારૂ વચન

[ અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે–રાગ. ]

અમે બોલ્યા વચનને પાળશું રે ભલે જાન કુરબાન કદી થાય.
મરી માડીની કુખને ઉજાળશું રે !
કદી બોલ્યું અબોલ્યું ન થાય ! અમે
અમે માડીને પેટ નથી પ્હાણલા રે !
દિ ફેરવે તે દીકરા કહેવાય ! અમે
જન્મ દેનારી હોય દુખે દુખણી રે !
કેમ પુત્રોથી દેખી ખમાય ! અમે
માને અપમાન આપે જડી બેડીયો રે !
જોઇ જીવે તે પામર કહેવાય. અમે
માડી રડતી ને આંસુડાં સારતી રે !
ખાન પાન મોજ સંતાનોથી થાય ? અમે
દીધાં વેણ આજ મુકિત કે મોતના રે !
ઝંપી બેસવાં છે આજથી હરામ. અમે
મર્દ વેણુ કાજ ડુંગર ડોલાવશે રે !
એક વચનીનાં દેવો ગાતા ગાન ! અમે
વેણુ બોલ્યા ને વેદીયે હોમાયલા રે ! મણિ અમ્મર જગત
ઇતિહાસ ! અમે

૨૦

# સત્યાગ્રહી જાગ

[ પ્રભાતીયું ]

જાગ સત્યાગ્રહી, રાત થોડી રહી, ઝટ આઝાદ મેદાન ધાજે !
લાઠી લ્હાણી થતી, ધન્ય ઘડિ પળ જતી,
માર ત્હારા વિના કોણ ખાશે ? જાગ

જેલ ખાલી પડી, બેડી ખુંટીયે ચઢી,
તુજ વિના ચરણમાં કોણ ધારે ?
સીમીટના રોટલા, ઘાસ ભાજી, પીરો
મીઠની રાબડી કોણ પ્યારે ? જાગ

દારૂ તાડી અને વસ્ત્ર વિદેશીની,
શૉપ પીકેટીંગે કોણ જાશે ?
સોટી સાર્જંટની, ગાળ મર્ચંટની,
લાઠી પોલીસની કોણ ખાશે ? જાગ

વળી વડાલા ધરાસણા મીઠું લુંટવા
જેલ જાત્રા તું વિણ કોણ જાશે ?
ઓર્ડીનન્સ તોડવા–પત્રિકા વેચવા–
તુજ વિના અન્ય કોથી જવાશે ? જાગ

બાપુ નેહરૂ પટેલ કંઈ લીલું જેલમાં–
સુખે સત્યાગ્રહીથી સુવાશે ?
દોડ ઉતાવળો ! બેદી શો આવડો !
મણિમયી મુક્તિ વીરથી પમાશે ? જાગ

## ૨૧

# દેશ જાગે છે

[ વાગે છેરે વાગે છે–**મારા બાપુની** વીરહાક વાગે છે–રાગ ]

જાગે છે રે ! જાગે છે ! ઉંધ્યો ભારત દેશ આજ જાગે છે.
વાગે છે રે ! વાગે છે ! મુક્તિ રણડંકા વાગે છે !

શાંતિનાં સોણલાં તે સુખડાં સળગાવીયાં.
વૈભવ વિલાસ મુક્તિયજ્ઞ માંહી હોમીયાં
સત્યાગ્રહ જંગે સૌ ઝુકે છે. ઉંધ્યો.

લાઠીનાં લ્હાણાં અને જેલની મહેમાની !
સીમીટ ભાખરી ને ભાજીનાં પાણી.
ભારત જૂવાનીઆ ઝંખે છે ! ઉંધ્યો.

નારી સિંહણ બની કેસરીઆં ધારતી.
યુવાન વીર–સેના દુશ્મન પડકારતી.
જંગે આઝાદીમાં થેકે છે ! ઉંધ્યો.

સબરસ લૂંટવાને ધોળી પીવા કાયદા.
માને નહિં મીઠાં વેણ અને વાયદા.
મુક્તિ ધગશ અંગો અંગે છે ! ઉંધ્યો

મરવું–ન મારવું એ સત્યાગ્રહ આખડી.
અહિંસા યુદ્ધમાં તો રાતીયે ન આંખડી.
રગરગ સ્વાર્પણ રંગ, રંગે છે ! ઉંધ્યો.

જાગ્યુ ભારત–બાલ વૃધ્ધોએ જાગીયા.
વસ્ત્રો વિદેશી મોહ ફેશનને ત્યાગીયાં
મણિમય સ્વરાજ દેશ માંગે છે ! ઉંધ્યો.

૨૨

# અમારૂ "પણ"

[ તકલી ફીરા ફીરાકે–લે'ગે ]

માથાં ઉતારી દઇને, ભારત સ્વતંત્ર કરશું.
આંખો અમારી ઘેરી, રણજંગમાં ઉતરશું. ખપ્પર હસીને ભરશું. ભા.
ભુખ્યા ફીરંગી આવ્યા, ભાઇ ભાઇને લઢાવ્યા, આજે હીસાબ ધરશું. ભા.
ભારત લીલુડી વાડી, પરદેશીએ ભેલાડી, સજીવન ફરીથી કરશું. ભા.
ફેશન કુસંપ ફસીયા, નામર્દ સ્વાર્થ રસીયા, એ પાપ આજ હરશું. ભા.
માડી તું તો સોહાગણ, હતી–ને–કરીશું એ પણ. સુખડાં સહુ વિસરશું. ભા.
સત્તાના જુલ્મ લાઠી, ગોળી તણી તમા શી? મુક્તિ રણે ઉતરશું. ભા.
મરવું–ન–મરવાની, છે આખડી અમારી, મરતાંય–મા–ઉચ્ચરશું. ભા.
મુક્તિ ધગશ ધગે છે, માડી તું રગ રગે છે, પાછા મણિ ન ફરશું. ભા.

૨૩

# મોહનની વેણું

[અંબા જોવાની આડીરે–મારા મનમાં છે માડી–રાગ]

મોહન વેણું વગાડી રે– હું તો ઝબકીને જાગી.
શય્યા સુતેલી આંખલડી ઘેરેલી.
કીધી બાપુજીની વેણુંએ ઘેલી.
મોહનમંત્ર ભરેલી રે! હું તો ઝબકીને જાગી.

સમજુ ન દેશની વાત સાહેલી
ખાવું પીવું ઘરબારે મચેલી.
સ્વરાજ્યની શી પડેલી રે! હું તો ઝબકીને જાગી.

વેણું વગાડી–સુતેલી ઉઠાડી.
સ્વરાજ્ય ચેતના સાચી જગાડી.
સત્યાગ્રહ લગની લગાડી રે! હું તો ઝબકીને જાગી.

વિઠ્ઠલ વલ્લભ સદ્બોધ સાંભળીયા,
દેશદીપક આજ જેલ જકડીયા,
ભારતી મા બેડી જડિયાં રે! હું તો ઝબકીને જાગી.

સમજીને વ્રત આજે સેવાનાં લીધાં.
મુક્તિરણ કેશરીયાં હોંશેથી કીધાં.
સર્વ સમર્પણ કીધાં રે! હું તો ઝબકીને જાગી.

ધન્ય મોહન ધન્ય વેણું તમારી.
દેશ બધાની જગાડી સુનારી.
મણિમય વેણુંએ પ્યારી રે! હું તો ઝબકીને જાગી.

૨૪

## મુક્તિ સંગ્રામ

[રાગ–પ્રભાતીયાનો]

આજ ભારત વિષે મુક્તિ રણ છે મચ્યાં–
અસૂર સામે ખડા શસ્ત્ર ધારી.

આપણે તો અહિંસાનાં વ્રત આકરાં–
મૌન બલિદાનની હો તૈયારી. આજ

રાષ્ટ્રધ્વજ ગગનમાં, મુક્તિ મંત્રો ભણે
વાટય યુધ્ધે જુવે છે તમારી.

લાઠી ગોળી ચલે–મર્દ છાતી ધરે,
આંખ રાતી છતાં શાંતિ ધારી આજ

યજ્ઞ સ્વાતંત્ર્યના–દેવ દેવી તણા–
પુનિત બલિદાનની આજ વારી.

ભ્રષ્ટ કરવા મથે અસૂર સામા ધસે.
આજ થાશે કસોટી તમારી. આજ

હાથ કંતાયલા તાર સુતર તણા
દૈવી હથીઆર સજવાં સંભારી

ઢાલ ધરી ત્યાગની, ખાદી બકતર સજી,
ન્યાય નીતિની તલ્વાર ખારી આજ

ઘૂમજો યુદ્ધમાં સિંહ સિંહણ સમાં–
નક્કી થાશે વિજયમાળ ત્હારી

થેકજો વીર આ યુદ્ધ મણિમય મચ્યાં
દેવ જોતા લડત આ તમારી.– આજ

૨૫

# પ્રભુજી ક્યારે ?

[રાગ—સારંગ]

પ્રભુજી તીમિરભર્યાં ભારતને ક્યારે ઉજાળશોરે ?
નાથજી ! પરવશતા પિંજરથી સિંહ છૂડાવશોરે ? પ્ર૦

સુવર્ણ ભારત આજે સુનો—કુદરતનો અમૂલ નમુનો
સ્વર્ગિય સુંદરતાથી ક્યારે સજાવશોરે ? પ્ર૦

કહો દયામય ! ભારતમાતા, સિંહબાળ જેનાં મદમાતાં
વિશ્વ સકળ એ ચરણે ક્યારે નમાવશોરે ? પ્ર૦

સ્વદેશ સાટે જંગ ઝુઝનારા—મરતાં પાછા નહિં પડનારા.
સત્યાગ્રહી વીરોમાં શાૈર્ય સ્ફૂરાવશોરે ? પ્ર૦

ભારતનાં બાલુડાં પ્યારાં—મુક્તિ—મુક્તિ જપ જપે બીચારાં
સ્વતંત્રતાની પરમ જ્યોત પ્રકટાવશોરે પ્ર૦

દેશ અમારો—અમે તમારા—અમર આશ સફળી કરનારા.
અણિમય—મુક્તિ—પ્રભુજી ક્યારે અપાવશોરે પ્ર૦

૨૬

# જીવનનાં નૂર

[રાગ–મારા કેશરભીના કંથ હો]

આવો કોડીલા કંથ સુજાણ હો–ઝીલીયે જીવનનૂર.
થનગનતી નવચેતના હો, ઉછળે આનંદપૂર.
રગરગમાં રસબિંદુડાં હો, પૂરે આંતર સૂર રે ! આવો.

ચાલો ચતુર જગ ચોકમાં હો ગર્જન ઘોર ગંભીર.
પડ પથરાયાં કારમાંરે, દેશ છવાયાં તીમિર રે ! આવો.

પરવશતા પડે સોંસરીરે, હૈયાં ચીરે પ્રિય પ્રાણ !
સાવજ પિંજર થેકતોરે, ગુલામી સાલે સુજાણરે ! આ.

પામરતા પટરાણીયેરે, કુસંપ સાહેલી સાથ.
ક્લેશના કામણ દુમણેરે, દેશભરી ભુજ બાથરે આ.

વિદ્યા કળા કૃષિ કંથજીરે, શ્રીનાં વિદેશ પ્રયાણ.
સોનાનો દેશ સુનો પડયોરે, જાગો જાગો પ્રિય પ્રાણરે આ.

સાવજ રણશૂર દેશનારે, ધરા ધ્રુજાવતા વીર
તેના તનુજ બની રાંકડારે, જકડાયા જંજીર રે આ.

દેશસેવક ! હું સેવિકારે, કફની ધરી ખાદી અંગ.
સ્વાર્પણ ખેલ સજોડલે હો, ખેલી જગાવીયે જંગરે આ.

અમુલખ અવસર લાધીઓરે, શુણો મુકિત રણનાદ.
મણિમય દેશના દીવડારે, ચમકાવો આત્મ પ્રતાપરે આ.

# પ્રેમના પરાગ

[ રાગ-કુંજલડીરે સંદેશો હમારો ]

પ્રેમના પરાગ બધા વિશ્વને ઉજાળતા.
ચેતના નવિન જગાડતા— સાહેલડી.
ઘરઘર સ્વરાજ્ય મંત્ર ઘેરા શા ગાજતા.
કર્તવ્ય પાઠ પઢાવતા— અલબેલડી. પ્રેમના.

આત્મત્યાગ મહામંત્રથી જીવન કરી ચકચુર.
સેવા યજ્ઞ બલિ થતાં વાધે—નવલું નૂર.
દેશના કલ્યાણ વિષે દેહલડી તાવતાં
પ્રાણ સંકટો એ સુહાવતાં ! ઓ બ્હેનડી. પ્રેમના

પરમ પ્રેમ પરબ્રહ્મના-અનહદ નાદ શ્રુણાય.
મન જપતું ૐકારને ચિદાનંદ ઉભરાય.
એવા અંતરીયે પ્રભુ પોતે પધારતા
સ્વર્ગ સમુ વિશ્વ-તો બનાવતા ! રસવેલડી ! પ્રેમના

સ્વદેશનાં વ્રત ધારીને સ્વધર્મમાં રહી લીન.
સત્ય સ્વરાજ્ય સટે ધરી-સત્યાગ્રહનું બીન
મોહ અને માનને તો મનથી વિસારતાં.
સૂરતો સ્વાતંત્ર્યના આલાપતાં ! ઓ ઘેલુડિ ! પ્રેમના

આત્મસમું જગ ભાળતાં-હું-તું ચાલ્યુ જાય.
મહામૈયા પદ પામતાં-પામરતા વિસરાય.
મુક્તિરણ આહલેક-ઘર ઘરમાં ગજાવતાં.
મણિમય જીવનને બનાવતાં! અલબેલડી. પ્રેમના

# મુંબાઇ નગરીને બાપુના આશિર્વાદ

[રાગ–પ્રભાતીયાનો]

ધન્ય મુંબાઇ નરનારીઓ–તમને શાં શાં વખાણું ?
કેવાં તપ્યાં તપ આકરાં–આવા ત્યાગી ન જાણું. ધન્ય

મેં તો જાણ્યું લાડીવાડી ને વ્હાલું મુંબાઇને નાણું,
દેશે બલિદાન કેમ એ, હિમ્મતનું ના ઠેકાણું. ધન્ય

સગવડીયો ધર્મ પાળતા–ભરે ખીસ્સાં ને ભાણું,
જેલ લાઠી કેમ ગોઠશે ? કરવા મુક્તિનું આણું. ધન્ય

ફેશન ફસી નારી કાંગલી એ શેં સેવિકા થાશે ?
છાયલ વાયલ ઓઢનારીથી તકલી કંતાશે ? ધન્ય

આજ પ્રતિતી થઇ ગઇ મુંબઇ શૂરીલી નગરી,
મોજીલી તેવી કર્તવ્યમાં યુધ્ધે હસતાં ઉતરતી. ધન્ય

સિંહ સિંહણુ બલિદાનથી–મારી છાતી ઉછળતી,
સાચી સેવા તારી જોઇને–મારી આશાઓ ફળતી. ધન્ય

નિશ્ચય સમજો ભાંડુડાં–અંતે વિજય તમારો.
મણિમય વિશ્વે પ્રકાશસે–તમ સુયશ સિતારો. ધન્ય

## ૨૯

# માડી રીબાય છે

[રાગ—મોહી રહ્યો છું મંદ હાસ્યમાં]

માવડી આ ત્હારી રીબાય છે, ઓ બહેની આજે !
માવડી આ ત્હારી રીબાય છે.

બેડી જડી છે, આંખ આંસુ ન માયે, શાંતિના સોણલાં ન એને જરાયે
લજ્જા તો એની લુંટાય છે. ઓ બહેની.

છૂટા છે કેસ ઉડી ગઇ છે ગુલાબી, તે દિ અનેરી એની દૈવિ પ્રભા શી ?
દેવડી એ દુખમાં દબાય છે. ઓ બહેની.

દેવની દુલારી—ફુલ પરિમળ કયારી, જગમાં ગાજે એની યશની સિતારી.
અર્ધ અંગ ઊઘાડુ રે ! હાય છે ! ઓ બહેની.

ત્હારે તો હેમ હીરા હીરચીર અંગે, મિષ્ટાન વૈભવો વિલાસ રાગ રંગે
કયા મુખે તું થી આ કરાય છે ? ઓ બહેની.

માડી પીડાય મોજ પુત્રી ન ત્યાગે, કેદમાં મા મોટરો તું મ્હાલવાને માગે
ધીક્ ધીક્ જ્યાં ત્યાં કહેવાય છે ! ઓ બહેની.

સિંહણ સુતાને શું શું ઝાઝેરું કહીએ? તેજીને ટકોરે એક સાનમાંજ દઇએ
ભારતની હાકલ શૂણાય છે ? ઓ બહેની.

કાંતો વણોને ખાદી સાદી સંભારો, મુક્તિ રણમાંહી ચંડી મોખરો તમારો,
મણિમય—મા—તોજ સુખી થાય છે ઓ બહેની.

NATIONAL ARCHIVES LIBRARY
No. 3073
Date 24.3.72
GOVT. ...

# અમારા કેશરીયાં

[રાગ-મારે આજની ધડિ છે રળિયામણી જો]

અમે કીધાં કેશરીઆં આજથી રે,
લીધા સેવાના ભેખ-દેશ દાઝથી રે! અમે.

અમે ભારત મૈયાની મોંઘી પુત્રીઓ રે!
ભાવ ભકિત ભરી સાવિત્રીઓ રે! અમે.

અમે પ્રેમને પવિત્રતાની દેવીઓ રે!
શકિત અવતાર ચંડીકા જેવીઓ રે! અમે.

અમે પ્હાડને પદાઘાતે ફોડીએ રે!
દૃષ્ટિપાતે આકાશ તારા તોડીએ રે! અમે.

અમિ વરસે ને નેહ નયન નીતરે રે!
પ્રલય કાલના અંગાર આંખથી ઝરે રે! અમે.

અમને સત્તા જૂલ્મો ન ડગાવી શકે રે!
લાઠી ગોળી ન અમને હઠાવી શકે રે! અમે.

દેશ સ્વાતંત્ર્ય યજ્ઞ બલિદાનમાં રે!
દીધાં દાન અમે જાત અને જાનનાં રે! અમે.

રકત દીલનાં કાઢીને વસ્ત્ર રંગીયા રે!
ખાદી ધારી વિદેશી ફગાવીયાં રે! અમે.

મુકિત રણમાં ઘુમીશું પ્રાણ પાડશું રે!
પણ કેશરીઆં કદી ન લજાવશું રે! અમે.

કરી કેશરીઆં બ્હેનો સૌ આવજો રે!
મણિ મોંઘો અવસર ના ગુમાવશો રે! અમે.

## ૩૧

# ગાંધી ગુણકિર્તન

[ પાણી ભરવા હું ગઇતીરે—રાગ ]

આવો આવો સાહેલી રે !—ગાંધીજીના ગુણ ગાવા,
સખિ ! થાને તું વહેલી રે !—મુક્તિ મંદિર જાવા. આવો.

સાખી. ભારત મૈયા ચરણમાં—બેડી આજ જણાય !
વજ્ર સાંકળો તોડવા—કોથી હામ ભીડાય ?
એ તો એક જ એવા રે—મોહન—મા—ને મુક્ત કરે !
તન—મન—દઇ દેવા રે—પાછું ન ડગલું ભરે ! આવો.

સાખી. પદ—ધન—વૈભવ ત્યાગીયાં—કુટુંબ ને પરિવાર !
ફકીર બની માડી તણો—કાંતે સુતર તાર !
સત્યાગ્રહ—મંત્રે રે !—અહિંસા મંત્ર જપે
સબરસ સંગ્રામે રે !—વયોવૃદ્ધ જેલ વસે ! આવો.

સાખી. સંત—યોગી—દ્રઢ નિશ્ચયી—મુક્તિ રણ સિરદાર !
શૂર—અહિંસક—દિવ્ય એ સાચો—યુગ અવતાર !
રાજ તાજ વિનાનો રે !—જગતને ઘેલું કરે !
મણિમય એના વદને રે !—મૈયાની આંખ ઠરે આવો.

# ઉઠો

[પ્રભાતી રાગ]

ઉઠો બંધુ બ્હેનો જાગો, આળસ નિદ્રા ત્યાગોરે,
મુક્તિ રણે રણતૂર બજે છે, સજો કેશરી વાઘો રે—ઉઠો.

રાત છવાણી પરવશતાની, નયને ઘેન ભરાણુ રે,
સારાસાર ભૂલ્યા-અજ્ઞાને, ભાણું ભર્યું લુટાણું રે—ઉઠો.

સ્વર્ગીય વાડી લીલુડી લચેલી, લક્ષ્મી શારદા રમતાં રે,
આજ બન્યાં વેરાન-સ્વર્ગનાં અજવાળાં આથમતાં રે—ઉઠો.

ધર્મ શાંતિ ને સંપ સમૃદ્ધિ-ઉદ્યમ કળા રીસાણાં રે,
શૌર્ય ટેક માતૃભકિત ને સ્વાર્પણ વ્રત વિસરાણાં રે—ઉઠો.

ભુલ્યા કાંતવું વણવું દળવું-પ્રભુ મંદિર પૂરાયા રે,
ફેશન ફસીયાં નરનારી સૌ-આજ દિવસ શા આવ્યા રે—ઉઠો.

હજી સમય છે ઉઠો જાગો માડી-હાકલ પાડે રે,
મણિમય નવલ પ્રભાત ઉગે જો—સૌએ નિન્દ ઉરાડો રે—ઉઠો.

## ૩૩

# જેલ જવાના કોડ

[રાગ. આછી સુરંગી ચુંદડીરે–ચુંદડી રાતી ચોળરે–રંગીલી
લાલસુરંગી ચુંદડીરે]

પિયુડા શુણુ મોરી વિનતીરે–જેલતણા મને કોડરે
પિયુજી ! લ્હાણાં અનુપમ જેલનારે.

પ્રાણ તમે પણ ચાલજો રે, આપણ જઇશું સજોડ રે સ્વમિજી—લ્હાણાં.
રામ સીતા વનવાસમાંરે, સાથે ખમ્યાં દુખ ક્રોડરે-પ્રિતમજી–લ્હાણાં.
દમયંતીને નળ રાયનીરે–દુખે વિખુટી ન જોડરે–વ્હાલમજી–લ્હાણાં.
અંધારી કોટડી જેલનીરે–જાતાં મુકીશ મરોડરે–દિલારામ–લ્હાણાં.
ભાખરી ઘેબર માનશું રે, મજુરી કરૂ તનતોડ રે–સલુણા–લ્હાણાં.
ચક્કી પીસુ પ્રભુને સ્મરીરે, મરતાં ન હારશું હોડ રે, સાહેબજી–લ્હાણાં.
ટેક તજુ ન સત્યાગ્રહીની, શિયળ સાચવશું અજોડ રે, જીવનધન–લ્હાણાં.
જાવા દઉ નહિં એકલારે, સરજી પ્રભુએ જોડ રે–પ્રાણેશ્વર–લ્હાણાં.
એકલડાં ઝુરી મરૂં રે, સુખ દુખે સહચાર કોડરે–વ્હાલીડા–લ્હાણાં.
ચાલો ચતુર ઉતાવળે રે, ઝુલીએ સેવાને હિંડોલરે–પીયુજી–લ્હાણાં.
જનમ્યા જેલે શ્રી કૃષ્ણજી રે, સાચી મણિ જેલ સોડય રે વાલેશ્વર–લ્હાણાં.

## મરના સીખા દો

પ્રિયતમ યે મંત્ર હરદમ–રટના મુઝે સિખા દો.
'જય માતૃભૂમિ' દમદમ–ભરના મુઝે બતા દો. પ્રિયતમ.
જીસ માને અન્ન જલસે–યે દેહકુ બનાયા.
ઉસકે લીયે પિયારા–મરના મુઝે સિખા દો. પ્રિયતમ.
જીસ ગોદમેં મ્હૈ લેટી–કહેલાતી હિન્દ બેટી.
ઉસકે કદમ્મે સ્વાર્પન–કરના પિયુ બતા દો. પ્રિયતમ.
ઇસ તુચ્છ નારી કાયા–તૃનવત્ જગતકી માયા.
સ્વામિન જોહાર હસહસ–કરના મુઝે સિખા દો. પ્રિયતમ
અવતાર ફીર ભી પા–લું. મા હિન્દ ગોદ આ–લું.
'મનિમય' ચરનકી ધલી–પાના મુઝે સિખા દો. પ્રિયતમ.

---

## કનૈયાને આમંત્રણ

[રાગ–પ્રભાતીયાનો]

જાગને જાદવા–સબરસ લુંટવા–લુંટી માખણ હવે હઇશ થાકયો.
ગોપ ગોપી ભલાં–હોંશે મહિ આપતાં–લેશ સબરસ સટે લાઠી લાતો. જા.
દેશના સાગરો–સભર સબરસ ભર્યાં–દેશની માલકીનો ગણાતો.
આજ પરદેશી ભુખ્યા ધણી થઇ પડયા–કાંકરી સાટ દે વજ્ર લાતો. જા.
આજ પરવશ પડયો–દેશ ત્હારો અલ્યા–ગોકુળે મ્હાલતો માલ ખાતો.
ત્હારી માતૃ ભૂમિ-કાન ભૂલી ગયો, એના દુખડાં અલ્યા જો જરા તો ! જા.
ગરૂડે ચઢી કાનજી મુકી લક્ષ્મિ સતી-ઘડિક ભારત વિષે તો પધારો.
ધર્મ સાટે તું ધાનાર અવતાર લે–તેત્રી કોટિના શ્રણજે પોકારો–જા.
ગોરસાં બહુ લુંટયાં–આજ સબરસ લુંટી–લાઠીખાવા ધરાસણનો વારો
વળી વડાલા જતાં, જરૂર મુંબાઇ થજો, આઝાદ મેદાનનો લ્હાવ ન્યારો–જા.
આવ ઝટ કાનજી–રૂદન શ્રણાતા નથી ? કાલ ગોકુળનો એજ વારો.
દેશને અખૂટ બળ આતમનું આપજે, અચળ વિશ્વાસ મણિને તમારો. જા.

# પ્રિયતમાની–ખાદીની સાડી માટે યાચના

પિયુજી મને ખાદીની સાડી પહેરાવો !

વાયલનાં છાયલ, સેટિનનો ચણીયો ને મખમલ ચોળીનો અભાવો.
ભરે બજારે મર્યાદા લુંટાવે, એવા પોષાકને જલાવો ! પીયુજી

અર્ધાના કપડા પર આઠની ફેશન, દરજી શિલાઇ પાંચ દાવો !
ધોલાઇ દોઢ, અર્ધઅંગ ઉઘાડુ, નિર્લજ એ વેશ દફનાવો ! પીયુજી

દેશનાં તમામ દામ જાય વિદેશે, એકના અનેક દઇ આવો
પતિને રિઝાવવા પહેરે સતી–આતો લોકો રીઝાવવાનો લ્હાવો. પીયુજી.

ભલી રૂપાળી મારી ખાનદાન ખાદી, દેશના કારીગરો ખટાવો.
મર્યાદા સાચવે ને ખર્ચા ઘટાડે, વહેલા વહેલા પિયુ લાવો. પીયુજી

ફેશન વિનાની ભલે ખરબચડી જાડી, એથી શું કામ શરમાવો ?
ખાદી તો આપણી ને વોયલ વિદેશી. કાંઇક તો વિચાર દિલ લાવો. પીયુજી

નફ્ટ લોકથી લજ્જા એ રક્ષતી, આવે પવિત્ર ધર્મ ભાવો.
સાદાઇ શાંતિ ને લાગે ઠરેલપણું, ખાદી ખુબી દિલ ઠસાવો. પીયુજી

આજથી પ્રતિજ્ઞા વિદેશી ન વાપરૂ, ખાદી એ વસ્ત્ર ખરાં જાઓ.
દેશને ઉદ્ધારનાર મુક્તિ અપાવનાર, પ્રિયતમ શું કામ તલસાવો. પીયુજી

પ્રાણુ જતાં પણુ ખાદી ન છોડુ, સારો માઠો પ્રસંગ આવો.
પાપથી ભરેલાં વસ્ત્રો બહુ વાપર્યાં–મણિમય ખાદીનો ખરો લ્હાવો. પીયુજી

# ભુષણ અને કર્તવ્ય

[ રાગ–માલણ ગુંથી લાવ ]

ભૂષણ કહો કેમ બહેનાંઓ ધરશો ?
પહેરી જીવન સફળ કયારે કરશો ? ભૂષણ૦

દેશ સુતો આળસ સોડય તાણી, કાન્તિ કનક કળા તો રીસાણી
આવી પરવશતા ઠકરાણી. ભૂષણ૦
એવે પ્રકટી ઉષા લાવી ગાંધી. ફુંકી શંખ ટાળી નિન્દ આંધી.
મહામૈયાઓ પર આશા બાંધી. ભૂષણ૦
તમે પ્રસવ્યાતા વીર કુમારો. કૃષ્ણ ધર્મ પૃથુ શા હઝારો.
વીર માતા છો કેમ વિસારો. ભૂષણ૦
કેમ શોભે કનક અલંકારો, જીણા વાયલ છાયલ હીરા હારો.
દશા દેશની હૈયે વિચારો. ભૂષણ૦
કારાગ્રહમાં છે વીર હઝારો. ગાંધી જડીયા જંજીર શાને ધારો ?
બ્હેનો મૈયાઓ દિલમાં વિચારો. ભૂષણ૦
નાગો ભુખ્યો પરવશ દેશ પ્યારો. વસ્ત્રાભૂષણ કયા મુખે ધારો.
હૈયુ હોય તો અશ્રુ હા સારો. ભૂષણ૦
લ્યો લ્યો દેશ ફકીરી અત્યારે, સત્યાગ્રહની ભભૂતિ તમારે.
કાયા કલેશની કફની મા ધારે. ભૂષણ૦
ગુંજો ગુંજન ત્યાગ સિતારે, 'મ્હારો દેશ' એનાજ પોકારે
કહો ગજંશો ઘર ઘર કયારે ? ભૂષણ૦
તમે રેંટિયો–તકલી સંભારો. દારૂ તાડી પીનારાને વારો.
બીજો દેશ રક્ષાનો ન આરો. ભૂષણ૦
આશા ઉજ્વળ તમમાં હઝારો. રણચંડી સ્વરૂપ હવે ધારો.
સાચા મણિમય એ અલંકારો. ભૂષણ૦

## આપણું કર્તવ્ય

[રાગ-પ્રભાતીયાનો]

જાગજો હિન્દી બંધુ અને બ્હેન સૌ-રાત પૂરી થઇ વાયુ વ્હાણું
ત્યાગી શય્યા ઉઠો સુર્ય માથે ચડયો-સરસ કર્તવ્યનું આવ્યું ટાણું.
જાગજો૦

મોહ ફેશન તણા ઘેનમાં ઉંઘીયા, હિન્દ પરતંત્રતામાં ફસાણું.
ઘોર અંધાર ઘરઘર ગુલામી તણો, વ્યાપીઓ વર્ષ વિત્યાં અઠાણું.
જાગજો૦

કાંતવું ત્યાગીયું, વણવું વિસારીયું, જીવન પરવશ થયું જરૂર જાણુ.
ટોપીવાળા ભુખ્યા આવતાં હિન્દમાં, દેશનું જીવન ધન બળ લુટાણું.
જાગજો૦

ભ્રષ્ટ વસ્ત્રો ધર્યાં અંગપર ત્યારથી, ભારતી માતનું દિલ ઘવાણું.
કાંતી વણી વસ્ત્ર દેશી ધરો અંગપર, મણિમયી મુક્તિનું થાય આણું.
જાગજો૦

---

## ખાદી સાડી

[રાગ-માલણ ગુંથી લાવ]

સખિ! કયારે ઓઢશો ખાદી સાડી, હાથે કાંતી વણી હોય જાડી?
ત્હારો ચણિઓ ગુલાબી વાયલનો, ચોળી ફેશનની રંગછાયલનો
હવે ત્યાગી દો મોહ મલમલનો. સખિ૦

ફસ્યો ફૅશને દેશ બિચારો, પરતંત્ર થયો દેશ પ્યારો,
દશા દેશની સજની વિચારો. સખિ૦
જાય નાશી પવિત્રતા પ્યારી, મર્યાદા લોપાય તમારી,
એથી જાડી ખાદી વધુ સારી. સખિ૦

સાદે વેશે જીવન જો જીવાયે, નારી જન્મ સફળ કહેવાયે,
સેવા દેશની સહજ કરાયે. સખિ૦
ત્યજો મોહ ફૅશનની ખુમારી, બચશે જેથી લક્ષ્મિ તમારી,
ધર્મ કુળવટ લજ્જા સંભારી. સખિ૦
ખાદી વસ્ત્ર સ્વદેશી ધારો, શિયલ ધર્મ નીતિને સંભારો.
સાચા મણિમય એ અલંકારો. સખિ૦

૩૮

# દિવ્ય પ્રકાશની યાચના

[ઝીણા ઝરમર વરસે મેહ. એ રાગ]

પ્રભુ ! જીવનપંથ ઉજાળ-તિમિર છવાયાં છે.
શ્યામલ ઘેરા અંધાર-પડ પથરાયાં છે.
સ્વતંત્રા રિદ્ધિ સિદ્ધિ ગઇ, પરવશ પરને હાથરે
જગતવંદ્ય અમદેશ હતો શું ? આજ દશા શી ? નાથ ! તિમીર
હતી હોમશાળા તે સ્થાને, કસાઇખાનાં હાયરે !
ગોશાળાઓના ઠેકાણે -ગાયો આજ કપાય ! તિમીર
યજ્ઞ થતા જ્યાં-વેદઘોષના પુનિત મંત્ર ઉચ્ચારરે
પશુ ભૂંજાતાં હાડમાંસના ગંજ તણો નહિં પાર. તિમીર
દયાદેવી મંદિર અભડાવે, હિંસા મુર્તિમંતરે !
પ્રીતિદેવીની પાટે ગાજે, ઇર્ષા મોહ અનંત. તિમીર
ગિરિશ્રૃંગે મુનિધ્યાન સ્થાન ત્યાં ઉંડી ખીણ વિકાળરે
ભવ્ય મંદિરો ગગન ગાજતાં, ત્યાં છે આજ મશાણ. તિમીર
દેવધામમાં અસૂરો નાચે, શ્રી શારદ સંતાયરે.
સંપશાંત્તિને સ્થાને ઇર્ષા, દેશ કુસુંપ છવાય- તિમીર
ગગન ગાજતી છપ્પન ઉપર ભુંગળ- એ વ્યાપારરે
આજ દલાલી રહી કળા ઉદ્યમ સૌ દરિઆપાર-તિમીર
સુવર્ણ ક્યારી- નંદન વનશો ભારત હતો રસાળરે.
આજ છવાઇ કાળી રજની-પ્રભો પુનઃ અજવાળ-તિમીર

# રેંટિયો

[ ચાલો ચાલોને જળ સિંચવા-રાગ ]

મીઠો મીઠો રે મારો રેંટીયો ! સાહેલી રે !
મોંઘા મૂલા છે એના તાર ! જાગે શા ઝણકાર ? મીઠો

સાખી. સુંદર ચક્ર સોહામણું-અદ્‌ભુત એની ત્રાક
ગુંજે ગીત સ્વરાજ્યના-વેદ ગીતાના પાઠ.
ઉજળી પુણીના તાર કાઢતો ! સાહેલી રે
એના લાખેણા લેવા લ્હાવ ! હૈયે રાખો સદ્‌ભાવ ! મીઠો

સાખી. ઉદ્ધારક અમ દેશનો-રિદ્ધિ સિદ્ધિ મહામંત્ર.
સત્‌યુગ ભારત પ્રેરવા-સાચુ-તેજી-તંત્ર.
ટાળે ગરિબી- અંધકારને ! સાહેલી રે !
ઢાંકે એ ભારતી દેદાર ! નોંધારાનો આધાર ! મીઠો

સાખી. ચક્ર સુદર્શન વજ્ર એ ! કરે ગુલામી નાશ !
કરો પ્રતિજ્ઞા કાંતવા ! પ્રકટે મુક્તિ પ્રકાશ !
કાંતો બંધુડાં બધાં દેશનાં ! સાહેલી રે.
આવે સ્વરાજ્ય ઘેર ઘેર ! મણિમય લીલાલ્હેર ! મીઠો

૪૭

# વાડી કોણે ભીલાડી

[રાગ-ઝીણા ઝરમર વરસે મેહ]

જાગી જાગી જૂલમની જવાળ-ભડભડ સળગે છે.
લીલી વાડીમાં આજ તો અંગાર-સીતમના પ્રજળે છે.

નદીઓનાં ઘેરાં નીર સુકાયાં- કરમાઇ સંપ ફુલમાળરે.
લક્ષ્મિને શારદા બે લોચન લ્હેરાતાં-ભારતી જણાય નિર્માલ્ય-ભડ

કલ્લોલતા ફુલવાડીમાં રાજહંસ-એવાં આ ભારતીનાં બાળરે.
વ્યાકુળ અગ્નિની જવાળાના ધુમાડે-નોંધારાં આજતો બેહાલ-ભડ

ધરા ધ્રુજાવતા સિંહ પડકારે,-જેનું જગત હતું દાસરે.
આજે ગુલામીની આગે દઝાય-રગ રગ મુક્તિની પ્યાસ-ભડ.

ટહુકે ગજવતા લ્હેરાતી વાડીયો-મોરલીયા તરૂવૃંદરે !
ઝેરી શિકારે તિર કાંઠલે વિંધે, સળગાવ્યા સ્વર્ગના આનંદ-ભડ.

ચુસ્યા અમૃત વળી વર્ષા સુકાવી, વાડી ભેલાડી ગુલઝારરે
પાષાણુ હૈયાનો કયાંથી તું આવ્યો,-તોડયા ત્હેં શાંતિસિતાર-ભડ

જવાલાને ઠારવા-દેવો ઉતારવા-આવો સૌ ફુલડાં ઉદ્યાનરે !
અહિંસા-વૃત્ત-તપ-ત્યાગને સત્યાગ્રહે, થઇ એ હસીને કુર્બાન-ભડ

મોહનની મુરલી અમૃત ઉછાળશે, અગ્નિતણા શા ભારરે !
શ્રદ્ધા અચળ તો વાડીયે ખીલશે. મણિમય ભારતને દ્વાર !-ભડ.

## ૪૧

# કેશરીયાં

[રાગ. મીઠડાં ગોરસ લ્યો ગોરસ લ્યો]

આજ તો કેશરીયાં ! કેશરીયાં !
કરો ભારતનાં નરનાર રે–આજતો.
ખેલો ખાંડાંના ખેલ ને પડકારરે–આજતો.

સાખી–નણદલ વીરનાં આંજજે–ઘેરાં મદભર નેણ
સજાવી વાઘા કેશરી–દેજે કેશરીઆંનાં કહેણ રે–આજતો.

સાખી–અશ્વ પલાણ્યો થનગને–વાટડી જોતો દ્વાર
વિજય માળ પહેરાવીને–કરી તિલક તું દેજે વિદાય રે–આજતો.

સાખી–મર્દ મુછાળો નાથલો–રણ ઘુમ્યાના કોડ
વિજય વરે કે અપ્સરા તણી–વરમાળ પહેરવાની હોડ રે–આજતો.

સાખી–બ્હેન ! તું તો સિંહણ શૂરી–રણચંડી અવતાર
ઘુઘવાટે નિબંળ ઉઠે–એવા લલકારજે લલકાર રે–આજતો.

સાખી–મચ્યાં ઘોર રણ મુક્તિનાં–માર માર પોકાર
થેકે શહિદો ખપ્પરે–રણઘેલાં ગાજે નરનાર રે–આજતો.

સાખી–કેશરીયાં દેશે કર્યાં–માડી બ્હેનાં જોહાર
મણિમય મુક્તિ યુદ્ધમાં–કોણ નામર્દ પૂંઠનો દેનાર રે–આજતો.

## ૪૨

# બાળ ગાંધી ચેલો

[સાહેલીનો આંબો મોરીયો-રાગ]

તાંબાકુંડી તે અમૃત રસ ભરી, માંહે નાંખ્યાંરે કેશર ને ગુલાબઃ
સાહેલી એ કોણ આરોગશે ?

મારો લાડીલો સૈનિક દેશનો, એને શોભેરે કાંઇ ખાદીના વેશ !
સાહેલી એ રસને આરોગશે !

સોના ઝારી તે દુધલડે ભરી, માંહે નાંખ્યાંરે સાકર ને બદામ સા.
મારો હોંશીલો રાજલ હંસલો, કાંઇ ચાલ્યોરે મુક્તિરણુ મેદાન સા.
રૂપલાં થાળી તે પાન બીડાં ભરી, માંહે નાંખ્યાંરે સોપારી લવંગ સા.
મારો કોડિલો બાળ કુમારલો, દેશ સૈનિક રે સત્ય બકતર અંગ સા.
ફુલ્યાં ખિલ્યાં પુષ્પો સુરભિયાં, રણુમાળા એ કોના કંઠે સુહાય સા.
કુંવર કેલઇઓ-સાવ જ બાળ શો ? રણે ચઢતોરે-મુખે વીર શ્રી સોહાય સા.
હાથે કાંતી વણી ખાદી ટોપીઓ, વળી ખાદીના સઘળા પોષાક સા.
ગાંધી ચેલો ચતુર શિરોમણિ, જેને હૈયેરે દેશદાઝ ન માય.
મણિમય બાળ એ પહેરશે !

# સ્ત્રી શકિતને-

[તમે અજાણ્યા અમે જાણીયે રે રાગ]

જાગો બ્હેનો સૌ ભારત દેશની રે ! ઉંઘ આળસ તજી દો હંમેશની રે

જેથી પ્રકટે સ્વાતંત્ર્યનો ભાણ રે !

મધુરી મૈયા ! બ્હેનાં ! જાગજો રે !

અંગ વિદેશી વસ્ત્રે અભડાવીયાં રે ! મોહ ફેશને મન વટલાવીયાં રે !

ભારત મૈયા દુભાવી ! અજાણુ રે ! સલુણી મૈયા !

ભૂલ્યાં રેંટીયા તકલી ને કાંતવાં રે ! ધાર્યાં વેશ અછકલા જૂજવા રે !

ખાદી ખોઇ, મા ! જીવન પ્રાણુ રે ! સુભાગી મૈયા

દેશે સ્વરાજ્ય યુદ્ધ છે આદર્યાં રે ! મહા મૈયાઓને પડકારીયાં રે !

આવો ! મણિમય-રણુ હો સુજાણુ રે !

મધુરી ! મૈયા બ્હેનાં ! જાગજો રે !

# શ્રી. કમળાદેવીને

[ સોરઠા ]

સિંહણુ શી શૂરવીર ! ઉભરાતું બળ આત્મનું
ગૌરવભર ગંભીર ! કમળા દેવી ગાજતી
મુખ પર દિવ્ય પ્રકાશ કેશ રમે હસતા મુખે
રગ રગ શ્વાસે શ્વાસ દેશભકિત પડકાર છે
મંડાયાં મંડાણુ– દેશ તણા સ્વાતંત્ર્યનાં
લેવા રણુનાં લ્હાણુ કમળાદેવી આવીયાં
ભારત તારણુહાર મોહન સંત સેનાપતી
કર્યો પ્રચંડ પડકાર બલિદાન સર્વસ્વનો
ડરકણુ દિલડાં ચાહ થરથર ડર ભરપુર હતો
સત્તાના સદ્‌ભાવ સાથે સૌનો કાઢીયો
કમળ સુકોમળ એજ કમળાદેવી રણુ ચઢી
સત્યાગ્રહની સ્હેજ આળોટી નિર્ભય બની
સોળ શુક્રમે માસ પકડાઇ પ્રાતઃકાળમાં
વિરાંગનાને વાસ જેલ મહેલ નવ માસનો
જેલ મહેલ ઘર વાસ જેને મન સરખાં સદા
દેશ ભક્તિના દાસ સદાય હસવાં માણુતા
આવજ શૂર લલકાર કમળા હોય લગાવતી
ઇન્કીલાબ પડકાર મડદાંનેય ઉઠાડતી
કમળાદેવી ધન્ય ચટ્ટોપાધ્યાયી ખરી
વંદન ! નમન ! અનન્ય ! દેશભક્ત બલિહાર તું
જાતાં એક અનેક કમળાદેવી પ્રકટશે
મણિમય પ્રભુ અમ ટેક પલ્લે રહી નિભાવજે

## ૪૫

# શ્રી. કમળાદેવીને અભિનંદન

[ ગઝલ ]

કમળા સુકોમળ કેળ જેવી, વજ્ર સમ પ્રબળા બની,
અબળા મટી પ્રબળા બની, કમળા ખરે સફળા બની.
સ્વાતંત્ર્ય શંખ સુણી શુરી, સીંહણુ સમી ગર્જી રહી,
રણુયુદ્ધના મેદાનમાં, ઝુકી પડી નીભર્ય થઇ.
સૌંદર્ય સ્થાને વીરતા, શાંતી છતાં શકતી વહી,
ભારત ચરણુ જંજીર, મુકતી કાજ એ તત્પર થઇ.
મયદાનમાં એ દેવી મુતીં- સર્વને દોરી રહી,
રણુ-પ્રાણુ ભોગે ગગન ભેદી, ગર્જના ગર્જી રહી.
ઇન્કીલાબ ઝીન્દાબાદ શબ્દો, રગરગે થડકી રહી,
પરવા તજી કાયા અને, માયા તણી ભડકી રહી.
સત્તા ગણે ના કોઇની, સ્વાતંત્ર્ય ઝુન્ડાને ગ્રહી,
લક્ષાવધી સૈનીક દોરી, મુકતી પથ ચાલી રહી.
મે શુક્ર તારીખ સોળ, પ્રાતઃકાળમાં પકડાઇ ગઇ,
નવ માસ જેલ નીવાસની, શીક્ષા સુણી હસતી રહી.
સાચી સુપુત્રી હીંદ મૈયાની, કમળ જીતી ગઇ,
ઇતીહાસ ભારત ચોપડે, તું અમરતા પામી ગઇ.
પ્રકટો અમારા ભારતે, લક્ષાવધી કમળા અહીં,
**મણીમય** મળે મુકતી, ચરણુ તુજ વંદના કરવી રહી.

૪૬

# પુત્રીને મા-નાં તેડલાં

## રાસ.

[રાગ-મારે આજની ઘડિ રળિયામણી જો]

આજ તેડાં માડી કેરાં આવીયાં જો
સાથે સંદેશડા વળી કહાવીયા જો—આજ

પુત્રી ઝુરી મરૂ છું જરી આવજે જો
જડી બેડી ગુલામી ના વિસારજે જો—આજ

જન્મ આપી ઉછેરી મોટી કરી જો
તારી ભારત મૈયાનેજ વિસરી હો—આજ

મારા પુત્રો મને ભુલી ગયા જો
માતૃભક્તિ તજી અન્યના થયા જો—આજ

મારી કાંતિ કળા કરમાય છે જો
મારૂ સ્વાતંત્ર્ય આજ લુટાય છેજો—આજ

મા-ને સેવે ને સ્હાય કરે દીકરી જો
આશા-તારા ઉપર આંખો ઠરી જો—આજ

મને ખાદી વિના ગમતું નથી જો
વળી દાસત્વ દુખ શમતું નથી જો—આજ

પુત્રી માની ઉદ્ધારક આવજે હો
શક્તિ-યોગિની સ્વરૂપ બતલાવજે જો—આજ

ધર્મ શાંતિ ને અહિંસા-ત્યાગ પાળજે જો
મણિ ભારતીનાં મુખ અજવાળજે જો—આજ

# હવે પાછા પધારો

[ જળ કમળ છાંડી–એ રાગ]

અમ પુનિત દેશ તજી તું જાને ધામ અમ અભડાય છે
ધામ અમ અભડાય છે ધન ધર્મ ચાલ્યાં જાય છે અમ.
કોણે દીધાંતાં તેડલાં–સંદેશ કોણે આપીયા
પરદેશી અણગમતા પરોણા હિન્દ દ્વારે આવીગા અમ.
ગરજુ ગરીબી દાખવી તેં બાદશાહ રીઝાવીયા
દરબારમાં પેશ્વા ચરણ શિષ ટોપી કાઢી નમાવીયાં અમ.
પેસી પછી તો હિન્દમાં–ત્હેં ભાઇ ભાઇ લઢાવીયા
અમ વતન નંદનવન અજબ વિખવાદ ધુતં જગાવીયા અમ.
પીયુ પીયુ પોકારે મોર ટહુકા કોકિલા ત્હેં શૂણીઆ
સ્વર્ગિય કુંદન ક્યારી ભાળી પાણી મુખમાં આવીયાં અમ.
ઝેરી બિછાવી જાળ માયા–ફેશનેજ ફસાવીયા
ધાડાં અરે ભુખ્યા ફીરંગી દેશભરમાં વ્યાપીયાં અમ.
સત્તા મળી દંભી ભુંડા તેં ખેલ અજબ ચલાવીયા
કપટી કુટિલ નારદ કુસંપી ભાઇ ભાઇ કરાવીયા અમ.
ધન ધર્મ ટેક સ્વતંત્રતા ને વીરતા વીસરાવીયાં
હથીઆર પણ છીનવી કળા કારીગરી સળગાવીયાં અમ.
નિર્માલ્ય હિન્દ કરી કપટથી રાજ તાજ પચાવીયાં
ખોટાં વચન આપી અરે વિશ્વાસઘાતી ન પાળીઆં અમ.
હાકલ શૂણી ગાંધીજીની જાગ્યા હતાં અંધારીયાં
સ્વાતંત્ર્ય સુખ શ્રી શાંતિ કેરાં સોણલાં બાકી રહ્યાં અમ.
નિશ્ચય અમારો એક છે તુજ કદમ અહિંથી લેઇ જા !
અભડાવ ના પરદેશી માતા ભારતી મંદિર જરા અમ.
તુજ દેશ તુજને હો મુબારક હિન્દીઓ જાગી ગયા
મણિમય અમારા દેશમાં તો બાર તુજ વાગી ગયા અમ.

# કર્તવ્ય હાકલ

[આવ્યો આવ્યો ચૌટડાનો ચોર–લાખેણી લાડી લઇ ગયો રે રાગ]

જાગો જાગો ભારતનાં સંતાન લાખેણી ઘડિ આજની રે !
સ્વદેશ ગણી જીવન–કે–પ્રાણ હાકલ ગાંધી રાજની રે !
ઉંધ્યા ઉંધ્યા દિવસ ને રાત સેના આવી સ્વરાજની રે !
તજો મોહ ફેશન તોફાન ઘડિ આ દેશદાઝની રે !
મુકી મોંઘાં છાયલ વાયલ બ્હેન ઘડિ છે ખાદી સાજની રે !
રેંટિયા ને તકલી લ્યો તત્કાળ ચાવી સાચી સ્વરાજ્યની રે !
સુતાં સુતાં વિત્યા બહુ કાળ હવે ન ઉંઘ કામની રે !
હિન્દ મૈયા બોલાવે છે આજ દશા જુઓ સમાજની રે !
મોહન વિઠ્ઠલ વલ્લભ ને અબ્બાસ જવાહીર નહેરૂ રાજની રે !
માલવીયા મુનશી વેઠે શા ત્રાસ દશા લાલાને દાસની રે !
કસ્તુરબા લીલુ હંસલ મણિબ્હેન પરિન કમળા સરોજની રે !
અનંત શહિદો અર્પાયા–અર્પાય–સ્વાતંત્ર્ય સંગ્રામથી રે !
આવો બ્હેની મૈયા નરનાર મુક્તિના યજ્ઞ માંડીયા રે !
મણિમય સ્વાતંત્ર્યનો ભાણુ ભારત આકાશ સુહાવીયાં રે !